# નાણાકીય સહાયનીતિનો સારાંશ

Ascension Saint Agnes દરેક વ્યક્તિની ગરિમા પ્રત્યે વચનબદ્ધતા અને આદર ધરાવે છે, જેમાં આરોગ્યસંભાળ સેવાઓ સુધી પહોંચવામાં અવરોધો સામે સંઘર્ષ કરી રહ્યાં હોય તેમને માટે વિશેષ ચિંતા રહેલી છે. Ascension Saint Agnes પોતાના આરોગ્યસંભાળ સંસાધનોને સમગ્ર સમુદાય માટે સેવા તરીકે સંચાલિત કરવાની એટલી જ સમાન વચનબદ્ધતા ધરાવે છે. આ સિદ્ધાંતો પર આગળ વધતાં, Ascension Saint Agnes અમુક વ્યક્તિઓને નાણાકીય સહાય પુરી પાડે છે જેમને Saint Agnes તરફથી કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ પ્રાપ્ત થાય છે. આ સારાંશ Ascension Saint Agnesની નાણાકીય સહાય નીતિનું સંક્ષિપ્ત અવલોકન આપે છે.

## કોણ પાત્રતા ધરાવે છે?

તમે કદાચ નાણાકીય સહાય મેળવવા માટે સમર્થ હોઈ શકો છે. સામાન્ય રીતે નાણાકીય સહાય ફેડરલ ગરીબી સ્તરની સરખામણીમાં તમારી કુલ ઘરેલુ આવકના આધારે નક્કી થાય છે. જો તમારી આવક ફેડરલ ગરીબી સ્તરના 250% કરતા ઓછી અથવા બરાબર હોય, તો તમે નિર્ધારિત દરોના ભાગ પર 100% ચેરિટી કેર રાઈટ ઓફ મેળવી શકો છો. જો તમારી આવક ફેડરલ ગરીબી સ્તરના 250% કરતા વધુ હોય પરંતુ ફેડરલ ગરીબી સ્તરના 500% કરતાં વધુ ન હોય, તો તમને એક સ્લાઇડિંગ સ્કેલ (અન્ય સંજોગોને આધારે બદલાતા દરની શ્રેણી) મુજબ વળતર લાગુ કરેલા દરો પ્રાપ્ત થઈ શકે. જે દર્દીઓ નાણાકીય સહાય માટે પાત્ર હોય છે તેમની પાસેથી તેઓ પાત્ર હોય તેવી કાળજી માટે વીમાથી આવરિત દર્દીઓને સામાન્યપણે બિલમાં લાગુ કરાતી રકમો કરતાં વધુ રકમ વસૂલવામાં આવશે નહિ. વધુ માહિતી માટે કૃપા કરીને 844-994-0412 પર કૉલ કરશો અથવા https://healthcare.ascension.org/financial-assistance/maryland પર અમારી વેબસાઇટની મુલાકાત લેશો

## કઈ સેવાઓ આવરી લેવામાં આવી છે?

નાણાકીય સહાય નીતિ કટોકટી અને અન્ય તબીબી રીતે જરૂરી કાળજીને લાગુ પડે છે. આ શબ્દો નાણાકીય સહાય નીતિમાં વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. વૈકલ્પિક સેવાઓ નાણાકીય સહાય નીતિ દ્વારા નથી.

## હું કેવી રીતે અરજી કરી શકું?

નાણાકીય સહાય માટે અરજી કરવા માટે, તમે સામાન્ય રીતે લેખિત અરજી પૂરી કરશો અને સહાયક દસ્તાવેજો આપશો કે જે નાણાકીય સહાય નીતિ અને નાણાકીય સહાય નીતિ અરજીમાં દર્શાવેલ છે.

## હું અરજી બાબતે કેવી રીતે મદદ મેળવી શકું?

જો તમને કોઈ પ્રશ્નો હોય, તો કૃપા કરીને અમારા કસ્ટમર સર્વિસ સેન્ટરને 844-994-0412 પર કૉલ કરશો.

## હું વધુ માહિતી કેવી રીતે મેળવી શકું?

નાણાકીય સહાય નીતિ અને નાણાકીય સહાય નીતિ અરજીપત્રકની નકલો https://healthcare.ascension.org/financial-assistance/maryland પર અને પેશન્ટ ફાઇનાન્શિયલ સર્વિસિઝ વિભાગ ખાતે ઉપલબ્ધ છે. નાણાકીય સહાય નીતિ અને નાણાકીય સહાય નીતિ અરજીની મફત નકલો 844-994-0412 પર કૉલ કરીને પણ મેળવી શકાય છે અથવા અમને PO Box 80278, Indianapolis, IN 46240 પર લખીને અરજી માટે વિનંતી કરો અથવા પ્રક્રિયા કરવા માટે એક સલામત ફેક્સ નંબર 317-981-6312 પર ફેક્સ કરો.

## જો હું પાત્ર નથી તો શું?

તમે નાણાકીય સહાય નીતિ હેઠળ નાણાકીય સહાયને પાત્ર ન હો તો, તમે અન્ય પ્રકારની સહાય માટે પાત્રતા ધરાવતા હોઈ શકો છે. વધુ માહિતી માટે, કૃપા કરીને 844-994-0412 પર અમારા કસ્ટમર સર્વિસ સેન્ટરનો સંપર્ક કરશો

નાણાકીય સહાય નીતિ, નાણાકીય સહાય અરજી અને આ સરળ ભાષામાં સારાંશના ભાષાંતરો વિનંતી કર્યે ઉપલબ્ધ છે.